પ્રેસનોટ-રામોલ પોલીસ સ્ટેશન

# નકલી પોલીસ બની પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી પૈસાનો તોડ કરતી ગેંગ ઝડપાઇ.

રામોલ પો.સ્ટેશન વિસ્તારમાં એસ.પી.રીંગરોડ તેમજ એકસપ્રેસ વે નજીક અમુક ઇસમો પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી આવતા જતા રાહદારીઓ પાસેથી એન-કેન પ્રકારે પૈસા કઢાવી લેતી ગેંગ સકીય થયેલ છે જે આધારે અમો ખાનગી બાતમી દારો મારફતે તપાસ કરાવી આવી ગેંગના ઇસમોને પકડી પાડવા સર્વેલન્સ સ્કોડનાપો.સ.ઇ વી.બી.વાઘેલાનાઓને સુચના કરવામાં આવેલ જે આધારે આજરોજ તેઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સીટીએમ ચાર રસ્તા પાસે આવતા ત્રણ ઇસમો મો.સા ઉપર શંકાસ્પદ હાલતમાં જણાઇ આવતા તેઓને પો.સ્ટે લાવી પુછપરછ કરતા

(૧) અજગરઅલી એનાયતઅલી સૈયદ ઉવ.૪૦ રહે. બી/૯૨ અલીફનગર સાલાની મસ્જીદ પાસે વટવા અમદાવાદ શહેર

(૨) એહમદમીંયા મહેમુદખાન પઠાણ ઉવ.૪૮ રહે. અંસાર નગરના છાપરામાં સુંદરમ નગરની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર

(૩) ફીરોજ અલીહુસેન શેખ ઉવ.૩૪ રહે. અકબરનગરના છાંપરા એસ.પી.ઓફીસ પાછળ ગરીબનગર રખીયાલ અમદાવાદ શહેર

નાઓ હોવાનુ જણાવેલ અને તેઓને પોતાની સીટીએમ ખાતે હાજરી બાબતે પુછતા ગલ્લા તલ્લા કરવા લાગેલ જેથી વિશ્ર્વાસમાં લઇ પુછતા પોતે પોલીસ ન હોવા છતા આવતા જતા રાહદારી ઓને તથા હોટલામાંથી નિકળતા કપલોને રોકી પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી એન-કેન પ્રકારે નાણા પડાવી લેતા હોવાની હકીકત જણાવેલ છે.

જે બાબતે ભોગબનનાર બાબતે તપાસ કરતા ફરીયાદીશ્રી રાકેશભાઇ ગોરધનભાઇ પટેલ ઉવ.૩૯ રહે. સી/૧૯/૨૨૧ શ્રીનાથ એપાર્ટમેન્ટ નેશનલ હેન્ડલુમ મોલની સામે ભાવસાર હોસ્ટેલ પાસે નવા વાડજ અમદાવાદ શહેર નાઓને ઉપરોકત આરોપીઓએ તા:૧૧/૦૮/૨૦૧૯ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના અરસામાં ડરાવી ધમકાની મો.સાના કાગળો માંગી તમે શુ ધંધા કરો છો તેમ કહી રુપિયા ૨૦૦૦૦/- બળજબરીથી કઢાવી લીધેલ છે

આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ:- (૧) આરોપી નં.૧ નાનો અગાઉ ઇસનપુર પો.સ્ટેશન નકલી પોલીસ તરીકે પકડાયેલ છે

આરોપી નં.૨ નાનો ઓઢવ પો.સ્ટેશન તથા ખોખરા પો.સ્ટે ખાતે ૨૦૧૪ની સાલમાં ચેન સ્નેચીંગના ગુનામા પકડાયેલ છે.

આરોપી નં.૩ નાનો ખોખરા પો.સ્ટે ખાતે એક વર્ષ પહેલા નકલી પોલીસના ગુનામા પકડાયેલ છે.

આમ નકલી પોલીસ બની રાહદારીઓ અને કપલ પાસેથી પૈસા પડાવતી ગેંગના સભ્યોને પકડવામાં રામોલ પોલીસને સફળતા મળેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર

૩૮૫,